# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

==========================================================================

આર.એમ.સી./પી.આર.નં.:-

-: અખબારી યાદી:-

## નાગરિકોના સ્વાસ્થ્યના હિતમાં આરોગ્ય શાખા અને તેના મેલેરિયા વિભાગ સંબંધિત કામગીરીને વધુ ઘનિષ્ઠ બનાવતા મ્યુનિ. કમિશનરશ્રી

-------------------------------------

### ફીવર હેલ્પલાઈનના માધ્યમથી ૧૦૪ હેલ્થ હેલ્પ લાઇનમાં ફોન કરવાથી રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના સ્ટાફ દ્વારા દર્દીના ઘરે જઈ સારવાર કરશે

-------------------------------------

તારીખ: ૧૧-૧૦-૨૦૧૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા અને શિયાળાની ઋતુ વચ્ચેના સમયગાળામાં નાગરિકોના સ્વાસ્થ્યના હિતમાં આરોગ્ય શાખા અને તેના મેલેરિયા વિભાગ સંબંધિત કામગીરીને વધુ ઘનિષ્ઠ બનાવવા આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ અનુસંધાને આજે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી અને તેમાં સંબંધિત અધીઓકારીશ્રીઓને આવશ્યક સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સંદર્ભમાં વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) ૧૬ ટીમ દ્વારા દરેક શાળાઓમાં વાહક નિયંત્રણ સંદર્ભે મચ્છર ઉત્પત્તિ ચકાસી, પોરા અટકાયતી પગલાં વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે , સાથે ફીવર સર્વે તથા પર્સનલ પ્રોટેક્શન મેઝર્સ વિશે સમજૂતી આપવામાં આવશે.

શહેરમાં જે કોઈને તાવ આવતો હોય તે વ્યક્તિ ફીવર હેલ્પલાઈન (ફોન નંબર ૧૦૪ )ના માધ્યમથી ૧૦૪ હેલ્થ હેલ્પ લાઇનમાં ફોન કરશે તો રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના સ્ટાફ દ્વારા તેમના ઘરે જઈ જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવશે.

સાંજે ૬ થી ૯ વાગ્યા દરમ્યાન ફોગીંગની કામગીરી પર ભાર મુકવામાં આવશે, ફીલ્ડ વર્કરો દ્વારા આ કામગીરીનું રજીસ્ટર નિભાવવામાં આવશે. જેમાં વોર્ડ દીઠ તેમજ સોસાયટી દીઠ કામગીરી અંગેની સહીઓ પણ લેવામાં આવશે.

દરેક ઝોનના ડેપ્યુટી કમિશનરશ્રી કામગીરીનું મોનિટરિંગ કરશે.

ASHA વર્કર દ્વારા સંવેદનશીલ વોર્ડમાં ફીવર સર્વે તથા પોરાનાશક કામગીરી કરવામાં આવશે.

તારીખ: ૧૦-૧૦-૨૦૧૯ ના રોજ નવા આઠ(૮) કેસ નોંધાયેલ છે, જે સુખ સાગર સોસાયટી, વાવડી, દેવકીનંદન સોસાયટી, જંગલેશ્વર ડી.એમ. પાર્ક, આકાશવાણી પાસેના ક્વાર્ટર, લક્ષ્મીવાડી અને નવાગામ ખાતે નોંધાયેલ છે.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા